જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૦૭/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૪૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪૬ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૦૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૫ બિયર ટીન, ૦૨ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૪,૪૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૫૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૫૧/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ અંકિત સ/ઓ સુરેશભાઈ પંચાલ (ઉ.વ.૩૪) (રહે. વિશ્વાસ સીટી–૦૧, શાયોના સીટી સામે આર.સી.ટેકનીકલ રોડ ઘાટલોડીયા) એ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૪/૨૦૨૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન જગતપુર ગોદરેજ ગાર્ડન સીટી મનીપ્લાન્ટ હાઇસ્ટ્રીટ ખાતે "સ્ટેનમોર એન્ટરપ્રાઇઝ પ્રા.લી"નામની ઓફીસ ધરાવતા આરોપી ધવલ જગદીશભાઈ પરમાર નાઓએ વર્ક વીઝા પરમીટ કરી આપવા અંકિત પંચાલને વિશ્વાસમાં લઈ લંડનના વર્ક વિઝા પરમીટ કરી આપવા સારૂ અંકિત પંચાલ પાસેથી રૂપિયા ૧૦,૪૯,૫૭૫/– મેળવી લઈ વર્ક પરમીટ વિઝા નહી કરી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

સેટેલાઈટઃ સેટેલાઇટ માણેકબાગ પોસ્ટ ઓફીસ પાસે મિથીલા સોસાયટી ખાતે રહેતા વૃધ્ધ ડૉક્ટરશ્રી એ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૦૭/૨૦૨૬ ના રોજ મોબાઈલ નંબર +૯૧૯૨૮૮૨૫૪૮૯૭, +૯૧૯૯૩૦૩૬૯૨૦૧ અને +૯૧૭૦૦૨૩૫૬૧૩૬ ના ધારકોએ ડૉક્ટરશ્રીના બે ક્રેડિટકાર્ડમાંથી ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૨,૭૨,૩૯૬/– ટ્રાન્જેકશન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

ગોમતીપુરઃ જુનેદ સ/ઓ અલીઅહેમદ અંસારી (ઉ.વ.૨૦) (રહે. હાજી ગફારની ચાલી, ઉષા સિનેમા રોડ, ગોમતીપુર) એ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ અજાણી વ્યક્તિએ યેનકેન પ્રકારે જુનેદ અંસારી નાઓનો મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી લઈ ગુગલ પે ના આઇડી પાસવર્ડની ચોરી કરી જુનેદ અંસારીના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૯૪,૦૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

દાણીલીમડાઃ કામરાન મહેબુબભાઈ માધુપુરવાલા (ઉ.વ.૩૨) (રહે. અલ્કીન રેસીડેન્સી છીપા સોસાયટી દાણીલીમડા) એ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૬ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૯૨૦૪૫૨૧૭૯૫ ના ધારકે પાસપોર્ટ પાર્સલના ડીસપેચના નામે ફોન કરી તેમજ ૭૪૮૮૨૮૦૩૮૮ ના ધારકે કામરાન માધુપુરવાલાને વોટ્સએપમાં Customer Support.ap મોકલી જે એપમાં વિગત ભરાવી એપ્લિકેશનમાં રૂપિયા પાંચ ટ્રાન્જેક્શન કરાવ્યુ હતું દરમ્યાન ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી કામરાન માધુપુરવાલાના ખાતામાંથી કુલ રૂપિયા ૮૨,૫૦૦/- ટ્રાન્સફર કરી લીધા હતા. જે પૈકી રૂપિયા ૯,૯૯૯/- પરત ટ્રાન્સફર કરી બાકીના રૂપિયા ૭૨,૫૦૦/- ટ્રાન્સફર નહી કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૦૫૨/૨૦૨૬**

વાડજઃ દર્શનભાઈ ભાઈલાલભાઈ શાહ (રહે. પ્રકાશદિપ એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ સામે નવા વાડજ) એ તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે દર્શનભાઈ શાહનો પુત્ર રહેણાંક નજીકથી પસાર થઈ રહ્યો હતો ત્યારે નંબર પ્લેટ વગરના વાદળી રંગના યામાહા આર-૧૫ મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દર્શનભાઈ શાહના પુત્રના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.સંગાડ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૦૫૩/૨૦૨૬**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ રોનાલ્ડ જોયેલ ક્રિશ્ચિયન (રહે. શ્રીનંદ સીટી વિભાગ-૦૫ એક્સપ્રેસ હાઈ-વેની બાજુમાં ન્યુ મણીનગર રામોલ) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પત્ની વાયોલેટ ક્રિશ્ચિયન (ઉ.વ.૫૭) નાઓને સ્કુટર પાછળ બેસાડી સ્કુટર ચલાવી જશોદાનગર ચાર રસ્તાથી હાથીજણ સર્કલ તરફ જતા સીપેટ કંપનીના ગેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બોલેરો પીક-અપ ગાડી નંબર જીજે ૦૧ એફટી ૫૪૮૪ ના ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા બન્ને પડી જતા રોનાલ્ડ ક્રિશ્ચિયનના પત્ની વાયોલેટ ક્રિશ્ચિયન નાઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલ ખાતે લઈ જતા સારવાર દરમ્યાન વાયોલેટ ક્રિશ્ચિયન નાઓનું મૃત્યું નિપજયું હતું. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી